પુસ્તકો સાચા મિત્ર

> જગતના શ્રેષ્ઠ સાહિત્યનાં પુસ્તકોનું વાંચન માનવીને પીઢ, વિકાસશીલ અને ઉદાત્ત બનાવે છે,જે તેના માટે ઉત્તમ છે

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

સાહિત્ય જીવનનું પ્રતિબિંબ છે. માનવજીવનની આંતરિક સંવેદનાઓને અભિવ્યક્ત કરવાનું કાર્ય સાહિત્ય કરે છે. જીવનના ઉર્ધ્વ પ્રવાહોથી સદંતર વિમુખ હોય એવું લખાણ સાહિત્યની કક્ષામાં, તેમજ ઉન્નત સાહિત્યથી તદ્દન વંચિત હોય એવા માનવને માનવની કક્ષામાં મૂકતા મનીષીઓ અચકાય છે.

માનવ સંસ્કૃતિના વિકાસના દરેક તબક્કે સાહિત્ય સદા જીવંત અને વિકાસશીલ રહ્યું છે. એ જ બતાવી આપે છે કે માનવીના સર્વાંગી વિકાસમાં સાહિત્યનું આગવું અને મહત્ત્વનું સ્થાન છે. જો ઉત્તમ સાહિત્ય કૃતિઓ ન હોત તો માનવી ભાવના-લાગણીની દૃષ્ટિએ ઘણો દરિદ્ર હોત. પુસ્તકોની બાબતમાં લગભગ ઘણા લોકોની ધારણા આજે નિરાશાજનક અને ઉપેક્ષાવાળી હોય છે. તે સમજે છે કે પુસ્તકોની જીવનમાં કોઈ ઉપયોગિતા નથી, તેથી આજે શહેર, જિલ્લા, તાલુકા, ગામડાની શાળા કે પંચાયતના પુસ્તકાલયનાં પુસ્તકો ધૂળ ખાય છે. પુસ્તકાલયમાં ફક્ત વૃદ્ધો અને બે પાંચ યુવાન જ્ઞાનપિપાસુ સિવાય આખું પુસ્તકાલય ઉજ્જડ ભાસે છે, છતાં પણ થોડાઘણા લોકો જે પુસ્તકો ખરીદી અને વાંચે છે તે પણ માત્ર મનોરંજન માટે! એટલા માટે બજારમાં મનોરંજન આપનાર, સમય પસાર કરાવનાર પુસ્તકો મોટી સંખ્યામાં મળે છે. આવું ઊતરતું કે નહીં કોટિના સાહિત્યનું વાંચન માનવીની વૃત્તિના દસ્યુને ઉત્તેજિત કરીને તેને અધ:પતન તરફ પણ દોરે છે, પરંતુ તે પુસ્તકોનો મૂળ ઉદ્દેશ્ય તો મનુષ્યના જીવનની દિશા આપીને સમાજના નવનિર્માણથી મનુષ્યના ઉત્પાદન-સ્થાપનની પ્રેરણા આપવાનો છે. સાહિત્યની કસોટી નક્કી કરતા મુનશી પ્રેમચંદે લખ્યું છે- 'જેમાં ઉચ્ચ ચિંતન હોય, સ્વાધીનતાનો ભાવ હોય, સૌંદર્યનો સાર હોય, જીવનની સત્યતાનો પ્રકાશ હોય તથા જે આપણી અંદર સંઘર્ષ તથા બેચેની ઊભી કરી દે તે સાહિત્ય અમારી કસોટીએ ખરું કહેવાશે. આપણને સુવાડે નહીં પરંતુ જગાડે અને જાગીને ઊઠવા, ઊઠીને આગળ વધવાની પ્રેરણા આપે તે સાહિત્ય!'

જગતના શ્રેષ્ઠ સાહિત્યનાં પુસ્તકોનું વાંચન માનવીને પીઢ, વિકાસશીલ અને ઉદાત્ત બનાવે છે. સમાજમાં નવો દૃષ્ટિકોણ પેદા કરી ક્રાંતિ લાવી આપે છે. આમ, વ્યક્તિ તેમજ સમાજ પર પુસ્તકનું પ્રભુત્વ ઘણું રહ્યું છે.

સંસારમાં જેટલા મહાપુરુષો થયા છે, તેમના નિર્માણમાં પુસ્તકોની ભૂમિકા મહત્ત્વની રહેલી છે. રશિયન ભાષાના સુપ્રસિદ્ધ ઉપન્યાસકાર મેક્સિમ ગોર્કીએ પોતાના નિબંધપુસ્તક 'મારી માર્ગદર્શિકા'માં લખ્યું છે- 'જ્યારે હું તરુણ હતો ત્યારે હું બાલ્ઝાક અને ડિકન્સનાં લખેલાં પુસ્તકો ઘણી રુચિથી વાંચતો હતો. આ પુસ્તકો દ્વારા જેમની સુખદુ:ખની સમસ્યાઓ આપણા કરતાં જુદી છે તેવા લોકો સાથે મારો પરિચય થયો. મારી ચારે બાજુ જે લોકો રહેતા હતા કે પછાત જીવન વિતાવતા હતા, આ લોકોની વચ્ચે મારો જીવનસંઘર્ષ શરૂ થયો. પુસ્તકો વાંચ્યા પછી મારી અંદર એવી ઇચ્છા જાગી કે ઊભા થવું અને સંઘર્ષ કરવો.'

લોકમાન્ય તિલક કહેતા કે 'જૂનાં જૂનાં કપડાં પહેરીને નવાં પુસ્તકોની ખરીદી કરતા રહો.' મહાત્મા ગાંધીજીએ પુસ્તકોનું મહત્ત્વ બતાવતાં લખ્યું છે, 'સારાં પુસ્તકો પાસે હોવાથી મિત્રોની ખોટ સાલતી નથી.'

ટોલ્સટોયના પુસ્તક 'કિંગડમ ઓફ ગાર્ડ'એ પણ મહાત્મા ગાંધીને પ્રભાવિત કર્યા અને આ બંને પુસ્તકોમાંથી તેમણે એવી પ્રેરણા મેળવી કે તે આજીવન શોષણ અને અન્યાય સામે લડતા રહ્યા. ગાંધીજી પાસેથી પ્રેરણા લઈને અમેરિકન માર્ટિન લ્યુથર કિંગ જીવનભર રંગભેદની નીતિ વિરુદ્ધ લડતા રહ્યા. ગાંધીજી આજીવન ગીતાના સિદ્ધાંત અને નૈતિકતાને આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરતા રહ્યા. માતૃભૂમિ માટે લડતા અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓનાં જીવનને ઘડવાનું કાર્ય ઉમદા પુસ્તકોએ કર્યું છે.

પુસ્તકની ઉપેક્ષા કરતાં આજના માનવીને પુસ્તકો વાંચવાની પ્રેરણા માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર એવું કહેતા કે 'હું જ્યારે પુસ્તક લઉં ત્યારે તેને પૂરું કર્યા વગર મૂકું જ નહીં.' હા, સદ્વાંચન તેમને અતિ પ્રિય હતું. જો ભારતનો દરેક માનવી આ સંકલ્પ કરે તો પુસ્તક તેને વિકાસશીલ અને ઉદાત્ત બનાવશે. વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ અને સત્સંગ દીક્ષા ગ્રંથમાં મહંતસ્વામી મહારાજ સદ્ગ્રંથના વાંચનનો નિયમ દરેકને આગ્રહ કરીને આપે છે.

sanskar@sandesh.com

મને શરમ લાગે

'હું લારી પર જાઉં? છાપું વેચું? હરગીજ નહીં! મને શરમ લાગે ! મારા ભાઈબંધો જુએ તો મરી જ જાઉંને !'

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

મુનશી પ્રેમચંદ હિન્દી સાહિત્ય-ગગનમાં ચમકતા ચાંદ હતા. તેમણે પોતાના ગદ્યમાં ઘણું કરીને બાબૂગીરીની સખત ઝાટકણી કાઢી છે. પેન્ટ-શર્ટ-ટાઈ પહેરીને વિદેશીની જેમ દેખાવા મથતા તત્કાલીન ભારતીય યુવકોને દંભ અને દેખાવથી દૂર રહેવાની સલાહ તેમણે આપી છે. માત્ર ખુરશી ઉપર જ બેસીને કામ કરવાની ટેવવાળા અને કેડ નમાવવામાં શરમ અનુભવતા યુવકોની વધતી સંખ્યા આજે પણ ચિંતા અને ચિંતનનો વિષય છે.

સારંગપુર મંદિરે બે કિશોરો મળવા આવ્યા. એકે કહ્યું, 'મારે તકલીફ છે.' 'શું?' 'હાઈટ ટૂંકી છે! આશીર્વાદ આપોને, મારી હાઈટ વધે! ૫.૩ ફૂટ જ છે. મારા મિત્રો બધા ઊંચા છે, તેમની જુદી જ પર્સનાલિટી છે. હું જ્યારે એમની બાજુમાં ઊભો હોઉં તો શરમ લાગે.' આ છે કિશોર નંબર એક. હવે કિશોર નંબર બેને પૂછ્યું: 'કેમ ચાલે છે ઘરનો વહેવાર?' 'ઠીક-ઠીક, પપ્પા ઘરે બીમાર છે. મમ્મી વાસણ ઘસવા બે-ત્રણ ઘરે જાય છે. માંડ માંડ ચાલે છે. બે ભાઈઓ છે. એક ચોથામાં, એક પાંચમામાં.' 'તું કાંઈ કરતો હોય તો? છાપું નાખવું, હૉટલમાં, લારી પર...' 'હું લારી પર જાઉં? છાપું વેચું? હરગીજ નહીં! મને શરમ લાગે ! મારા ભાઈબંધો જુએ તો મરી જ જાઉં ને !' - હાજી, આને માનસિક પેરાલિસિસ કહેવાય. ઉછીની શરમનું પેરાલિસિસ !

'મને શરમ લાગે!' પાશ્ચાત્ય સભ્યતાના દબાણમાં વાગતું ભારતીય ગાન છે. યુવાનોને ઊણપની આગમાં સળગાવ્યા કરવાની તરકીબ છે. એ કંટાળો અને આળસ પ્રગટાવાનો ઉદ્દીપક છે! કેટલાઈઝર છે! આ શરમનો લકવો શરીર જ નહીં, મન પણ જકડી રાખે છે. દર્દીને દોડવું હોય તો પણ લકવો એને દોડવા નથી દેતો.

આ યુવાનો પાસે 'એક નૂર આદમી, હજાર નૂર કપડાં.'ની આખી કહેવત હવામાં ઓગળી જાય છે. હા, મહત્ત્વાકાંક્ષા ભલે હોય, પણ શરમ? અને તે પણ શ્રમમાં? શું ઉચ્ચ જીવન સાદાઈથી જીવવા માટે પણ ભાઈબંધોની નજરમાંથી બચતા રહેવું પડે છે? હા, જમાના સાથે તાલ મિલાવીને નવી વિદ્યાઓ, નવા દૃષ્ટિકોણ જીવંત રાખવા જરૂરથી સમયના રથને સત્કારવો રહ્યો. જ્ઞાનની વિકસતી ક્ષિતિજો સામેની દોડમાં હરહંમેશ માથું મારીને આગળ આવવું જ રહ્યું, પરંતુ શ્રમ અને સાદાઈ જેવાં મૂલ્યોની પણ એક કિંમત છે. જેની શરૂઆત આ ઉંમરમાં કરવી પડે છે. અને ફળ જોવા વીસેક વર્ષની રાહ જોવી પડે!

સત્પુરુષોનું જીવન આપણને શીખવે છે કે શરમ ભૌતિક સાધનોની ઊણપથી નહીં, પરંતુ સદ્ગુણોના સત્યાનાશથી આવવી જોઈએ. હા, આ સત્પુરુષોએ બાહ્ય સાધનોને ક્યારેય ન્યૂનતમ ઉપયોગની રેખાથી આગળ વધવા દીધાં નથી.

એટલે જ તો એમના વાજિંતરમાં 'મને શરમ લાગે' ધૂન ક્યારેય નથી વાગતી...

૧૯૮૪માં પ્રમુખસ્વામી મહારાજ પોપ પોલ (બીજા)ને મળવાના હતા. આગલી રાત્રે પત્રકારે પૂછ્યું: 'કાલે પોપને મળવા જતાં આપ કયાં કપડાં પહેરશો?'

સ્વામીશ્રીએ ક્ષણાર્ધમાં કહ્યું હતું: 'અમારે તો જિંદગીભર આ જ કપડાં અને આ જ ડિઝાઈન!'

સારંગપુર મંદિરનું બાંધકામ પૂરજોશમાં ચાલતું હતું તે વખતે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ હોંશભેર પાયા પૂરવાની સેવામાં જોડાયેલા. તેઓએ પોતાની સુકલકડી કાયાની અવગણના કરીને માત્ર ગુરુ શાસ્ત્રીજી મહારાજને રાજી કરવાના તાન સાથે પોતાની ક્ષમતા બહાર વજન ઊંચકીને પણ સેવા કરતા. એટલે જ આ યોગીપુરુષે હજારો યુવકોને શરમના કુંડાળામાંથી બહાર લાવીને અધ્યાત્મચેતના પ્રગટાવી હતી.

ભૌતિક ક્ષેત્રમાં પણ મહાન માનવીઓએ સાદગી, શ્રમ અને સંયમના આધારે જ વિશ્વના ઇતિહાસમાં પોતાના નામનું સુવર્ણ પૃષ્ઠ ઉમેર્યું છે. બાળપણમાં શ્રી અબ્દુલ કલામ સાહેબને છાપાં વેચવામાં તો શ્રી નરેન્દ્રભાઈ મોદીને ચા વેચવામાં શરમ નથી લાગી. આ બંને મહાનુભાવો મોટા થઈને અતિ પ્રભાવશાળી વ્યક્તિ થયા, તે જગજાહેર છે.

તો હવે આપણે શું કરવું છે? તોફાનસમા ધસમસતા યૌવનને પેરાલિસિસમાં જકડી રાખવું હોય તો 'મને શરમ લાગે' ના કાતિલ પ્રવાહમાં વહી જઈએ, પરંતુ પ્રગતિના પંથે દોડતા રહેવું હોય તો આ મહાપુરુષોના માર્ગે ચાલવા માંડીએ.

sanskar@sandesh.com

ક્ષમા સજ્જનોનો શણગાર

ક્ષમા કરવાથી અને માગવાથી વ્યક્તિ, કુટુંબ, સમાજ કે રાષ્ટ્રો વચ્ચેના સંબંધો તૂટતા બચે છે. શાંતિ જળવાઇ રહે છે

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

થોમસ આલ્વા એડીસને વિદ્યુત બલ્બની શોધ માટે અત્યંત પરિશ્રમ કર્યો હતો. તે સમયે તેના બધા ટીમના સભ્યો સખત મહેનત કરીને ૨૪ કલાકમાં એક બલ્બ બનાવતા. એક દિવસ જ્યારે એડીસને રાત્રે બલ્બ પૂર્ણ કર્યો ત્યારે તેની સાથેના મદદનીશ છોકરાને આ બલ્બ ઉપર મૂકી આવવા જણાવ્યું, પરંતુ દાદર ચઢતાં તે છોકરાના હાથમાંથી બલ્બ નીચે પડી તૂટી ગયો. બધાને આ ખૂબ ત્રાસદાયક લાગ્યું, પણ એડીસન સ્થિર હતો. તેણે ફરીથી આખી ટીમને ૨૪ કલાક બલ્બ બનાવવામાં લગાડી દીધી. બીજો બલ્બ બનાવી તે જ બાળકને બલ્બ લઈને ઉપર મોકલ્યો. સાચી ક્ષમાનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

યોગીજી મહારાજ કહેતા કે ક્ષમા કરવાથી આપણા હૃદયમાં અખંડ શાંતિ રહે છે. ડૉ. અબ્દુલ કલામ સાહેબ જેનો પૂર્ણ આદર કરતા એવા દક્ષિણ ભારતના મહાન સંત શ્રીતિરુવલ્લુવર જણાવે છે કે 'વેર લીધાનો આનંદ એક દિવસ ટકશે, પણ ક્ષમા કર્યાનું ગૌરવ સદાકાળ ટકે છે.' ક્ષમાનો ગુણ તો સજ્જનોનો શણગાર અને સાધુતાનો શિરમોર સદ્‌ગુણ છે.

રામચંદ્ર ભગવાનના વનવાસમાં કૈકેયી કારણ હતાં, પરંતુ રામચંદ્ર ભગવાન વનવાસ પૂરો કરી, લંકાવિજય કરી અયોધ્યા પાછા પધાર્યા ત્યારે તેમના સ્વાગત માટે ઉપસ્થિત કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયીમાં રામચંદ્ર ભગવાન કૈકેયીને પહેલાં પગે પડ્યા. કૈકેયી જરા ક્ષોભ પામી ગયાં ત્યારે શ્રીરામે કહ્યું: 'માતા! ક્ષોભ પામશો નહીં. તમે મને વનવાસ આપવામાં કેવળ નિમિત્ત થયાં, તમે તો મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. એમાંથી મને કેટકેટલું જાણવાનું મળ્યું.'

ખરેખર, ક્ષમા તો મોટાઓની મોટાઈ છે. પથ્થર મારનારને આંબાનું વૃક્ષ હંમેશાં સામે કેરીનું મધુર ફળ આપે છે; પોતાને સળગાવનાર અગરબત્તી બીજાને હંમેશાં સુવાસ આપે છે; ચંદનના વૃક્ષને કુહાડી મારતાં એ ઊલટું કુહાડીમાં સુગંધ ભરી દે છે.

જ્ઞાની પુરુષોને ક્ષમા સહજ હોય છે અને એ પણ સત્ય છે કે ક્ષમાશીલતા જ સાચા જ્ઞાની પુરુષની ઓળખ છે.

તા.૧૫/૧/૨૦૦૪ના રોજ લગભગ ૨૫ વર્ષનો ઘાટકોપરનો એક નવયુવાન પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન માટે આવ્યો. સાથેના સંતે ઓળખાણ આપી, 'બાપા! આ ભાઈ અણસમજણ અને કુસંગને યોગે કરીને આપનો દ્રોહ કરતો થઈ ગયો હતો.' ત્યાં તરત જ સ્વામીશ્રીનો હાથ પોતાના હાથમાં લઈ તે યુવક ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો, 'બાપા! મેં આપને બહુ ગાળો દીધી છે. જાહેરમાં આપના વિશે ન બોલવાનું બોલ્યો છું. બધાને ખોટા માર્ગે ચઢાવ્યા છે. મને માફ કરો. બાપા! મારાં પાપ માફ કરો?'

તદ્દન સાહજિકભાવે સ્વામીશ્રીએ એના માથે હાથ મૂક્યો અને હાથમાં હાથ લઈ કહે, 'બધું માફ છે. ભગવાન તને સુખી કરે ને લે આ કંઠી.' કંઠી પહેરાવી સ્વામીશ્રીએ તેણે નવા શરૂ કરેલા વ્યવસાય માટે આશીર્વાદ પણ આપ્યા.

પ્રમુખસ્વામી મહારાજનું જીવન ક્ષમાધર્મના ચરમશિખર સમું હતું. સ્વામીશ્રીની ક્ષમાભાવનાએ અનેક લોકોને પ્રેરણા આપી હતી. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિશ્રી ડૉ. એ.પી.જે. કલામે પોતાના પુસ્તક ટ્રાન્સેન્ડન્સમાં સ્વામીશ્રીની ક્ષમાભાવનાથી પોતાને મળેલી પ્રેરણાઓ પર આખું પ્રકરણ આલેખ્યું છે. એ પ્રકરણને અંતે તેઓ લખે છે, '**Pramukh Swami has a heart wherein the whole world can live and it can forgive anyone.**' અર્થાત્ સૌને હૃદયમાં સ્થાન આપી શકે અને ક્ષમા આપી શકે એવું વિશાળ પ્રમુખસ્વામી મહારાજનું હૃદય છે.'

ક્ષમા કરવાથી અને માગવાથી વ્યક્તિ, કુટુંબ, સમાજ કે રાષ્ટ્રો વચ્ચેના સંબંધો તૂટતા બચે છે. જીવનમાં સુખ અને શાંતિનો આધાર બની રહે છે. ક્ષમાના આટલા લાભ હોવા છતાં ધન-સત્તા-પ્રતિષ્ઠા કે સામર્થ્યનું અભિમાન વ્યક્તિને ક્ષમાનું પગલું ભરવામાં બ્રેક મારે છે, પરંતુ પોતાનાં માન-અભિમાનને બાજુએ મૂકી મહાન માણસોએ પોતાના આચરણ દ્વારા શિખવેલ આ ક્ષમા ગુણનો પાઠ આપણે જીવનમાં ઉતારીએ, જેથી વ્યક્તિના વ્યક્તિ સાથેના સંબંધો સદાય પ્રેમથી પલ્લવિત રહે અને હૃદયમાં શાંતિ વર્તે. તો આજે જ દિલથી ક્ષમા આપીને જૂના વેર અને વિખવાદનો અંત લાવીએ.

sanskar@sandesh.com

ઉતાવળે આંબા ના પાકે

અધીરાઇથી કરાયેલું કોઇપણ કામ નિષ્ફળ થાય છે, કહેવાયું છે કે ધીરજનાં ફળ મીઠાં હોય છે, તેથી ધીરજથી કામ કરવું

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આજના માનવીને જાણે ઉતાવળ નામનો મહારોગ લાગુ પડ્યો છે. તરત, તત્ક્ષણ અને તત્કાલના શોરમાં ધૈર્ય નામનું તત્ત્વ જ ખોવાઈ ચૂક્યું છે. વળી, ઈન્સ્ટન્ટ ચા, ઈન્સ્ટન્ટ કોફી, ફાસ્ટફૂડ જેવી ખાણીપીણીએ માનવીય મનોવૃત્તિને પણ એવી ઘડી દીધી છે કે તે પળ પણ થોભવા તૈયાર નથી.

થોડાંક વર્ષો પહેલાં જ ચેન્નઈમાં પૂરરાહત કૂપનોનું વિતરણ થતું હતું. તેમાં લાઈનમાં ઊભા રહેલાએ એવી ધક્કામુક્કી કરી મૂકી કે પિસ્તાલીસ લોકો માર્યા ગયા. એક વાર ઉત્તરપ્રદેશમાં થઈ રહેલા વસ્ત્રવિતરણમાં લોકોએ કરેલી ઉતાવળે પચાસ જેટલાનો દમ તોડેલો. મંદિરોમાં પ્રસાદ વહેંચતી વખતે થતી ઉતાવળમાં પગ અને પ્રસાદ બંને કચરાતાં હોય છે. રેલવે-ક્રોસિંગ બંધ હોય ત્યારના દૃશ્યના સાક્ષી આપણે બધા જ છીએ. રોડની ડાબી-જમણી બંને બાજુએ લોકો પોતાનાં વાહનો ઊભાં રાખી દે છે. પરિણામે ક્રોસિંગ ખૂલે ત્યારે એવી ભીડ જામે છે કે કોઈ સરળતાથી આગળ વધી શકતું નથી. આમ બનવાનું કારણ નાહકની ઉતાવળ જ હોય છે કે બીજું કાંઈ? આ ઉતાવળ એટલે જ ધીરજનો અભાવ!

આમ, ઉતાવળમાં આંબા તો પાકતા જ નથી, ઉપરથી ગાંઠનું પરિપક્વ ફળ પણ ખોવાનો વારો આવે છે. વાતવાતમાં ધીરજ ખોઈને માણસ કેટલી અવનવી તકલીફો વહોરી લેતો હોય છે તેનું એક સુંદર કથાનક પ્રમુખસ્વામી મહારાજના મુખે ઘણી વાર સાંભળવા મળ્યું છે.

ભૂંડકેરાળા ગામમાં એક ભાઈ કપડાં સીવવાનું કાર્ય કરતો. લવિયો તેનું નામ! લવિયો જેને ત્યાં કપડાં સીવવા જતો, તે શેઠે તેને રાજી થઈને સરસ કૂણાં રીંગણાં આપ્યાં. તે તેણે પત્નીને આપતાં કહ્યું : 'જો આ રીંગણાં આવ્યાં છે. હું કામકાજથી પરવારીને આવું ત્યાં સુધી તું ભરેલું સુંદર શાક બનાવી રાખજે.' આટલું કહીને પત્નીને થેલી થમાવતાં તે ઊપડી ગયો. પત્નીએ આ સમયે આંધણ મૂકી દીધેલાં તેથી તેણે વિચાર્યું કે રીંગણાંનું શાક કાલે કરશું. લવિયો પાછો આવ્યો અને સીધો જ ભાણે બેઠો. પણ થાળીમાં રીંગણાંનું શાક ન જોયું. કારણ જાણ્યું ત્યારે તે ગુસ્સે થઈ ગયો અને રાડ નાંખતાં કહ્યું : 'મૂઈ ! આના કરતાં તો તું સાંગાભાઈના કૂવામાં ડૂબીને મરી ગઈ હોત તો સારું થાત. હું કહીને ગયો'તો છતાં તેં શાક ન કર્યું?' તેની પત્નીએ પણ ધીરજ ખોઈ. તે દિવસે તેણે ગળે પથરો બાંધી સાંગાભાઈનો કૂવો સાચેસાચ પૂરી દીધો.

પતિ-પત્નીની સહિયારી ધીરજના અભાવે કલ્લોલતું કુટુંબ અકાળે કડડભૂસ થઈ તૂટી પડ્યું.

આવા વિપરીત સંજોગોમાં જરા ધૈર્યનાં ડગ ભરીએ તો ઘણી હોનારતમાંથી બચી જવાય. સંવાદિતાનું રહસ્ય ધીરજ છે અને વિખવાદનું કારણ ધીરજનો અભાવ છે. ઘરમાં પરસ્પર સંવાદિતા અને સુમેળ હોય તો ગરીબી પણ કઠતી નથી. તે વિના સમૃદ્ધિ પણ સદતી નથી.

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે માણસની સાચી પરીક્ષા વિપરીત સંજોગોમાં થાય છે. તે વખતે કોને કેટલી ધીરજ અને સમજણ છે તે કળાઈ આવે.

સને ૧૯૭૭માં એક વાર પ્રમુખસ્વામી મહારાજ ન્યૂયોર્કથી દસ માઈલ દૂર સાઉથમાં નુવર્ક શહેરમાં આઈ.વી.ટીલ કોર્ટ બિલ્ડિંગમાં પધરામણીએ ગયા. ૧૪મા માળે લિફ્ટમાં જઈ રહ્યા હતા. આ લિફ્ટમાં છ સંતો હતા અને દસેક યુવકો પણ ભેગા આવવાનો મોહ ટાળી શક્યા નહીં. બટન દબાવતાં બારણું બંધ થયું અને લિફ્ટ બેઝમેન્ટમાં ચાલી ગઈ. બારણું ચોંટી ગયું. કોઈ રીતે ઊઘડે નહીં. સૌ મૂંઝાતા હતા. એક સ્વામીશ્રી ધૈર્યથી ઊભા હતા. તેમણે શાંતચિત્તે પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો. ઈમર્જન્સી બેલ વગાડવામાં આવ્યો. બહાર હરિભક્તો હતા. તે પણ લિફ્ટ ખોલવાની મથામણ કરતા હતા. લગભગ દસ મિનિટ બધા ગૂંગળાયા. બધાને અંતકાળ નજીક દેખાવા લાગ્યો હતો. પછી કેરટેકર આવી જતાં બારણું ઉઘાડ્યું અને બધાએ છુટકારાનો દમ લીધો.

આમ, સ્વામીશ્રીએ આ વિકટ પ્રસંગમાં પણ સૌને શીખવી દીધું કે વિપરીત સંજોગોમાં ઉતાવળ નહીં, ધૈર્યની જરૂર છે.

sanskar@sandesh.com

ચિંતા છોડો, ચિંતન કરો

> 'આપણે રડતાં જન્મીએ છીએ. ફરિયાદ કરતાં જીવીએ છીએ અને હતાશ થતાં મરીએ છીએ.' આવું શું કામ?

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

ચિંતા અને ચિતામાં માત્ર એક અનુસ્વારનો જ ભેદ છે, છતાં ચિતા જીવનમાં એક જ વાર બાળે છે જ્યારે ચિંતા તો સતત બાળ્યા કરે છે. આપણે આપણા વ્યક્તિગત જીવનની તપાસ કરીએ તો આ વાતનો તરત ખયાલ આવશે. એવી કઈ બાબત હતી કે જેના વિશે આપણે ચિંતા નથી કરી? એવી કઈ ક્ષણ આપણી ચિંતાવિહોણી ગઈ છે? જ્યારથી આપણે સમજણા થયા ત્યારથી વસ્તુ, વ્યક્તિ, વ્યાપાર કે વિકારના કારણે આપણે સતત ચિંતામાં ડૂબતા આવ્યા છીએ.

એક ગામમાં એક નગરશેઠનું અચાનક મૃત્યુ થયું. મૃત્યુ પછી એમના પુત્રે મુનીમને બોલાવી પૂછ્યું: 'આપણી પાસે કેટલું ધન છે?' મુનીમે કહ્યું: 'આપણી ત્રણ પેઢી સુધી ચાલે એટલું.' શેઠના પુત્રે કાંઈ જવાબ ના આપ્યો પણ એને એ દિવસથી પોતાની ચોથી પેઢી શું ખાશે એની ચિંતા થવા લાગી, ને એ ચિંતાને લીધે એનું શરીર સુકાવા લાગ્યું. ઘણા વૈદ-હકીમોની દવા કરી, પણ કંઈ ફાયદો ન થયો. એક વાર નગરમાં એક મોટા સંત આવ્યા. નગરશેઠનો પુત્ર એમની પાસે ગયો ને પોતાના મનની શાંતિ માટે એમને ઉપાય પૂછ્યો.

સંતે કહ્યું: 'તમે રોજ સવારે કોઈ ગરીબને એક શેર અનાજ આપવાનું વ્રત લો.' નગરશેઠના પુત્રે રોજ સવારે કોઈ ગરીબને એક શેર અનાજ આપવાનું ચાલુ કર્યું. સંજોગવશાત્ એક સવારે કોઈ અનાજ લેવા ન આવ્યું. પોતાનું વ્રત તૂટવાના ભયથી શેઠનો પુત્ર ગભરાયો. એણે રસ્તે જતાં એક ગરીબ જેવા માણસને બોલાવી એક શેર અનાજ લઈ જવા કહ્યું. પેલા માણસે કહ્યું : 'ઊભા રહો, હું ઘેર જઈને જોઈ આવું કે મારે આજે અનાજની જરૂર છે કે નહીં?' થોડી વારે તેણે પાછા આવીને કહ્યું : 'શેઠ, આજે ચાલે એટલું અનાજ તો મારી પાસે છે; એટલે મારાથી આ નહીં લેવાય. તો આવતી કાલ માટે લઈ જા.'

'આવતી કાલની ચિંતા હું આજે નથી કરતો.' પેલા માણસે કહ્યું ને ચાલવા માંડ્યો. આથી શેઠનો પુત્ર ચોંકી ઊઠ્યો. એને થયું : 'આ ગરીબ માણસ આવતી કાલની ચિંતા કરતો નથી અને હું સો વર્ષ પછીની ચિંતાથી દૂબળો પડું છું!' અને એનું શરીર સુધરવા લાગ્યું. વધતાં ઓછાં પ્રમાણમાં આપણે બધા આ શેઠના પુત્ર જેવા જ છીએ.

થૉમસ ફૂલર નામના એક અંગ્રેજ લેખક અને પાદરીએ લખ્યું છે-

'We are born crying; we live complaining and we die disappointed.'

'આપણે રડતાં જન્મીએ છીએ. ફરિયાદ કરતાં જીવીએ છીએ અને હતાશ થતાં મરીએ છીએ.'

શું આપણી આખી જિંદગી ચિંતામાં અને વિષાદમાં જ પૂર્ણ થઈ જશે? શું આનંદ અને ઉત્સાહયુક્ત જીવન એક સ્વપ્ન જ બની રહેશે? ના. આનંદ તો જીવનનો મૂળભૂત સ્વભાવ છે. તો પછી ચિંતાનું કારણ શું? ચિંતાનું કારણ છે દિશા વગરની દોટ! માત્ર ભૌતિક પદાર્થોને આધારે ઘડાયેલું જીવન અંતે ચિંતા, તાણ અને હતાશામાં પરિણમે છે જ્યારે અધ્યાત્મ સાથે સંકળાયેલ જીવન આત્યંતિક આનંદ તરફ ગતિ કરાવે છે, જેના પરિણામે આ લૌકિક ચિંતાઓ આપણને આપણા માર્ગમાંથી ક્યારેય વિચલિત કરી શકતી નથી.

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને એક વાર પ્રશ્ન પૂછવામાં આવ્યો, 'તમને જીવનમાં ક્યારેય અફસોસ થયો છે?' સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો 'ક્યારેય નહીં.' હા, જેનું જીવન અધ્યાત્મ સાથે સંલગ્ન થયું હોય તેના જીવનમાં ચિંતા ક્યારેય ન હોય!

સંત તુકારામને આજીવન અનેક દુ:ખો આવ્યાં, પરંતુ તેમનું જોડાણ ભગવાન સાથે અતૂટ હતું તો આ દુ:ખો અને તેમાંથી જન્મેલી ચિંતાને તેઓએ હસતાં મુખે સહન કરી શક્યા. આર્થિક ચિંતા હોય કે સામાજિક ચિંતા, સ્વાસ્થ્યની ચિંતા હોય કે સગાંની ચિંતા, આધ્યાત્મિક જીવન આ બધાથી પર થઈ જાય છે, કારણ કે તેમાં સૌથી પર એવા પરમાત્મા સાથે નાતો જોડાયેલો હોય છે.

તો ચાલો, આજથી આપણે પણ ચિંતા છોડીને ભગવત ચિંતન કરીએ..

sanskar@sandesh.com

જાતનું મૂલ્યાંકન કરતા રહેવું જોઈએ



પૂર્વે જે ભૂલો થઈ છે તેનું પુનરાવર્તન ન થાય અને જે ભૂલો થઈ રહી છે તેને દૂર કરવાનો પ્રયત્ન થાય એવો સંકલ્પ કરવો

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

હમણાં આપણે દિવાળીની ભવ્ય ઉજવણી કરી. દીપાવલીનો ઉત્સવ અર્થાત્ અજ્ઞાનના ગાઢ અંધકારમાંથી આધ્યાત્મિક પ્રકાશ તરફ ઉર્ધ્વગતિ કરવાનો ઉત્સવ. ભલે આજે વિજ્ઞાને વીજળી આપી અજવાળું કર્યું, ઔદ્યોગિક ક્રાંતિ થવાથી ભૌતિક સાધન મળ્યાં પરંતુ તેનાં અજવાળાં તળે અનૈતિકતા અને દુરાચાર વ્યાપી રહ્યાં છે તેનાથી કેટલા અજાણ છે? આજે માણસે જ માણસને મારવાની તરકીબો શોધી કાઢી છે! નૈતિક મૂલ્યો મૃતપ્રાય થયાં છે. હિંસા, આતંકવાદ, જુગાર, વ્યભિચાર, વ્યસન આદિ હવે નાથી શકાય તેવાં રહ્યાં નથી! આથી જ પ્રખર અવકાશ વિજ્ઞાની વોર્ન બ્રાઉન કહે છે: **'Only with God reinstated in the heart of man, will he provide us with ethical guidance through the dangers of technological revolutions'** અર્થાત્ વિશ્વના તમામ મનુષ્યોનાં હૃદયમાં ભગવાન વસી જાય અને આપણને સૌને નૈતિક માર્ગદર્શન આપે તો જ આપણે યાંત્રિક ક્રાંતિનાં જોખમોમાંથી બચી શકીએ તેમ છીએ. આ સિવાય બીજો કોઈ ઉપાય દેખાતો નથી.

દિવાળીના અવસરે વેપારીઓ ચોપડાપૂજન કરી શારદાપૂજન દ્વારા આ દિવસે પોતાના આગામી વર્ષના હિસાબ શુદ્ધ રાખવાની ભાવના કરે છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે 'લોકમાં વાત થાય છે કે - રામજી ચોપડા ચોખ્ખા રાખે. પણ રામજીના ચોપડા તો ચોખ્ખા છે જ. આપણે આપણા ચોપડા ચોખ્ખા રાખવા જોઈએ. જીવનનો ચોપડો ચોખ્ખો ત્યારે જ રહે, જ્યારે સદ્‌ગુણોની કમાણી ચાલુ હોય.'

પૂર્વે જે ભૂલો થઈ છે તેનું પુનરાવર્તન ન થાય અને જે ભૂલો થઈ રહી છે તેને દૂર કરવાનો પ્રયત્ન થાય એવો સંકલ્પ થાય તો દિવાળી સાર્થક.

એક કૂવા ઉપર ચાર સ્ત્રીઓ પાણી ભરવા માટે ગઈ. ત્યાં વારાફરતી દરેક સ્ત્રી કૂવામાંથી પાણી ખેંચતી. એક પાણી ખેંચે તે દરમ્યાન બીજી સ્ત્રીઓ પોતપોતાના છોકરાઓની પ્રશંસા કરતી અને તેમની સારી સારી વાતો એકબીજાને કરતી. એક કહે કે મારા છોકરાનો સ્વર એટલો બધો મીઠો છે કે એને કોઈ રાજદરબારમાં સ્થાન મળશે. બીજી કહે કે મારા છોકરાએ તો શરીર એટલું બધું મજબૂત બનાવ્યું છે કે મોટો થઈને ભલભલા પહેલવાનને પછાડશે તમે મારી આ વાત યાદ રાખજો, મારો દીકરો ખરેખર કંઈ કેટલાંય પહેલવાનને પાણી ભરાવે એટલો શક્તિશાળી છે. ત્રીજી કહે કે મારો છોકરો તો એટલો બધો બુદ્ધિશાળી છે કે હંમેશાં પહેલો નંબર જ લાવે છે. તેને કોઈપણ બુદ્ધિનું કામ સોંપો એટલે મારો દીકરો તેમાં અવ્વલ જ હોય, તેનું મગજ એટલું સારું છે. તે સમયે ચોથી સ્ત્રીએ પાણી ખેંચતાં ખેંચતાં એટલું જ કહ્યું કે મારો છોકરો તો ગામના બીજા છોકરાઓ જેવો જ સાવ સરળ અને સામાન્ય છે. એટલામાં તેમના છોકરાઓ શાળાએથી ઘર તરફ જવા ત્યાંથી જ નીકળ્યાં. એક ગાતો ગાતો આવતો હતો, બીજો મસ્તી કરતો અને ત્રીજો ખુલ્લાં પુસ્તકો સાથે. તે સમયે ચોથી સ્ત્રીનો છોકરો દરેકને પગે લાગી પોતાની માના હાથમાંથી ભરેલો પાણીનો ઘડો લઈને ઘેર જવા લાગ્યો. આ જોઈ કૂવા પાસે બેઠેલા એક વયોવૃદ્ધ સજ્જ કે જે ક્યારના તે ચારેય સ્ત્રીઓની વાત સાંભળી રહ્યાં હતાં તેમણે શાંતીથી ચારેય સ્ત્રીઓને કહ્યું, 'તમારા મંતવ્ય ભલે અલગ હોય પણ મારા મતે આ ચોથો છોકરો સૌથી સારો છે. એનો શિષ્ટાચાર જોયો? ખરેખર, દરેકનું ભવિષ્ય એના શિષ્ટાચારથી નક્કી કરી શકાય છે.'

આવા પ્રસંગોના આધારે આપણે આપણી જાતનું અવલોકન-મૂલ્યાંકન કરવાનું છે કે આપણે સંસ્કાર, શિષ્ટાચાર, અભ્યાસ, પુરુષાર્થ વગેરેમાં ક્યાં ટાંચા સાબિત થઈએ છીએ. જ્યારે જ્યારે આપણે આવા વિચારોનું પાન કરીએ ત્યારે આપણને એમ લાગતું હશે કે હજુ તો મારે ઘણું ઘણું કરવાનું અને સુધારવાનું છે. કદાચ મનના કોઈ ખૂણે નિરાશાનો વિચાર પણ ઝબકી રહ્યો હશે કે આટલું બધું કેવી રીતે થઈ શકે? ક્યાંથી, કેવી રીતે મારે શરૂ કરવું? પણ નજર હંમેશાં સમાધાન તરફ રાખવી જોઈએ પ્રશ્ન તરફ નહીં. કહેવાયું છે કે **'slow & steady wins the race.'** હા, ધીમી અને સાતત્યપૂર્ણ આપણી દોટ આપણને જરૂર વિજય અપાવશે.

જીવન ઘડતરનો શ્રેષ્ઠ સમય : યુવાની

ખરેખર, જીવનમાં કંઇક પામવાનો શ્રેષ્ઠ સમય એટલે યુવાની. જેણે આ સમય ગુમાવ્યો તેની કિંમત કંઇ નથી

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

કવિવર રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે : "ઠંડા પહોરે ચાલવા માંડો, નહીં તો તડકા વખતે હેરાન થશો"

બારણે ટકોરા દેતી પળને કંકુ-ચોખા લઈને પોંખી લેવાની વાત અહીં કહેવાઈ છે. કારણ કે, વહી ગયેલાં નીર અને સરી ગયેલો સમય ક્યારેય પાછો મેળવી શકાતો નથી. ઠંડા પહોરે સોડ તાણીને સુતો રહે છે, તેને જીવનયાત્રામાં બપોરનો આકરો તાપ વેઠવાનો વારો આવે છે. ભલે કહેવાયું હોય કે, 'જાગ્યા ત્યારથી સવાર', પરંતુ જે બપોરના બાર વાગે કે સાંજના સાત વાગે જાગે છે, તે સવારનો સ્ફૂર્તિદાયક સૂર્યપ્રકાશ ચોક્કસ ગુમાવે છે, એ નિર્વિવાદ હકીકત છે.

લોઢું તપેલું હોય ત્યારે જ ઘણ ફટકારી દેવામાં ડહાપણ છે. લોઢું ઠરી જાય પછી સાંધો બાઝતો નથી. માટી ચાકડે ઘૂમતી હોય ત્યારે જ ઘાટ ઘડી દેવામાં શાણપણ છે. પાકે ઘડે કાંઠા ક્યારેય ચઢતા નથી. તેમ કઈંક પામવા માટે યુવાનીના ઉંબરેથી જ જીવનના મેદાનમાં છલાંગ મારવામાં સમજદારી છે. જીવનની વસંત જેવી યુવાની વીતી જાય પછી સફળતાનાં પુષ્પોને ખીલવાનું અઘરું પડે છે. યુવાનીનાં વર્ષોમાં જ જીવનવિકાસ માટે વિશેષ કાળજી લેવી ઘટે છે. કારણ કે, તે સમયે ખીલતી યુવાની, વિકસતી બુદ્ધિ, શક્તિસભર ઇન્દ્રિયો છે.

તેથી જ ઝવેરચંદ મેઘાણી કહે છે કે,

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠી ભોમ પર, યૌવન માંડે આંખ.

અણદીઠી, વણખેડાયેલી ભોમ ખૂંદવાની સાચી ઉંમર યુવાની છે. આપણે વિશ્વના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો આપણને જણાય કે ખરેખર, યૌવનના થનગનાટે દુનિયાની તાસીર અને તસવીર બદલી છે. જેમણે જેમણે ઈતિહાસ સર્જ્યો છે, તે બધા ઠંડા પહોરે ચાલી નીકળેલા છે.

• અણુશક્તિનો તાગ કાઢનાર આઈનસ્ટાઈને વિજ્ઞાનની ગૂંચ ઊકેલવાનો નિર્ધાર કર્યો ત્યારે તેઓ ૧૨ વર્ષના હતા. ૧૬માં વર્ષે સાપેક્ષવાદના સિદ્ધાંત વિષે નિબંધ લખી $E=mc^2$ સમીકરણનો પાયો નાખ્યો અને ૨૬ મા વર્ષે તો સિદ્ધાંત પ્રગટ કરી દીધો.

• ૧૨ વર્ષ અને ૮ મહિના રાજ્ય કરીને સમ્રાટ સિકંદર ૩૩માં વર્ષે અવસાન પામ્યો ત્યાં સુધીમાં તે અડધા વિશ્વનો વિજેતા બની ચૂક્યો હતો. અને ૭૦ નવાં શહેરો સ્થાપી ચૂક્યો હતો. નેપોલિયન ૨૯મા વર્ષે ફ્રાન્સનો સરમુખત્યાર થયેલો. વિલિયમ પીટ માત્ર ૨૪ વર્ષની વયે જ ઈંગ્લેન્ડનો વડાપ્રધાન બની ગયેલો.

• અમેરિકાની અશ્વેત પ્રજાની જીવનકહાણી બદલી દેનાર માર્ટિન લ્યુથર કિંગે સવાબે કરોડ નાગરિકોના અધિકારોની ચળવળ ઉપાડી, ત્યારે તેઓ માત્ર ૨૬ વર્ષના હતા. 'I have a dream.... ' (મારું એક સ્વપ્ન છે...) એ જગપ્રસિદ્ધ વક્તવ્ય આપ્યું ત્યારે તે ૩૪ વર્ષના હતા. અને ૩૫માં વર્ષે તો શાંતિ માટેનું શ્રેષ્ઠ નોબલ પ્રાઈઝ તેમના ઘરની શોભા વધારતું હતું.

ન કેવળ લૌકિક માર્ગ પરંતુ અધ્યાત્મ પથ પર પણ આવા ઘણા દૃષ્ટાંતો આપણી નજર સમક્ષ તરવરે છે.

• પોતાની સંતતિ અને સંપત્તિ છોડીને સિદ્ધાર્થ અદ્વિતીય સાંસ્કૃતિક ક્રાંતિના પથ પર ચાલી નીકળ્યા, ત્યારે એ વૃદ્ધ નહી પણ યુવાન હતા. અદ્વૈતમતના પ્રણેતા શંકરાચાર્યે પોતાની સાંસ્કૃતિક યાત્રાનો પ્રારંભ યુવાનીમાં કર્યો હતો. અને સ્વામી વિવેકાનંદે શિકાગોના મંચ પર જ્યારે ભારતીય સંસ્કૃતિની ગરિમાની ઉદઘોષણા કરી, ત્યારે તેઓ ૩૦ વર્ષના હતા.

• ભગવાન સ્વામિનારાયણે સમગ્ર ભારતની ૧૨,૦૦૦ કિ.મી.ની પદયાત્રાનો પ્રારંભ ૧૧ વર્ષે કર્યો હતો અને તે કલ્યાણયાત્રાની પૂર્ણાહુતિ કરી ત્યારે તેઓ માત્ર ૧૮ જ વર્ષના હતા. ૨૧ વર્ષની ઉંમરે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી.

ખરેખર, જીવનમાં કંઈક પામવાનો શ્રેષ્ઠ સમય એટલે યુવાની. પરંતુ, જીવનના ધ્યેયને હાંસલ કરવા જેણે યુવાની ગુમાવી, તેની કિંમત ટકાના ત્રણ શેર પણ રહેતી નથી.

યુવાનીને બીડી-સિગારેટના ધુમાડામાં ફૂંકી મારનાર, એક્ટરો-ક્રિકેટરો પાછળ ઘેલા બની વેડફી દેનાર કે દારૂ-ડ્રગ્સના નશામાં યુવાનીને ઢાળી દેનાર કોઈ યુવાનને ડૂસકું ભરાઈ આવે છે, આ વિચારથી કે "મેં હજુ સુધી કંઈ કર્યું નથી?"

જાગો જાગોજી, મારા આતમરામ;
મારે તો થાવા બેઠો છે, આ ફેરો નકામ.

રામનારાયણ પાઠકની આ પંક્તિઓ પ્રત્યેક યુવાને વિચારવાની છે. 'મારી યુવાની વેડફાઈ તો નથી રહી ને?' આ આંતરખોજ કરવાની કળા આત્મસાતથઈ જાય તો જીવન સાર્થક.

Vision
દૂરંદેશીપણું

પોતાના સંકલ્પનું ચિત્ર જેને જેટલું સ્પષ્ટ તેટલું તેનું કાર્ય સહેલું અને જલદી સિદ્ધ થાય

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામે પોતાની આત્મકથામાં એક વાત નોંધી છે કે હું ભારતના ઘણા યુવાનોને મળ્યો છું. તેઓમાં અસાધારણ શકિત છે, છતાં પણ તેઓ તે શકિતનું યોગ્ય ફળ પ્રાપ્ત નથી કરી શકતા, તેનું એક કારણ એ છે કે તેમની પાસે VISION અર્થાત્ દૂરંદેશીપણું નથી, તેમણે કરેલા સંકલ્પોનું સ્પષ્ટ ચિત્ર નથી. તેથી તેઓ શું કરીશું, શું થશે જેવા વિચારોમાં અટવાયા કરે છે અને પોતાની યુવાની વેડફી નાખે છે.

ખરેખર, પોતાના સંકલ્પનું ચિત્ર જેને જેટલું સ્પષ્ટ તેટલું તેનું કાર્ય સહેલું અને જલદી સિદ્ધ થાય. દુનિયામાં જે મહાન પુરુષોએ ઈતિહાસ સર્જ્યો છે, તેનું એક કારણ તેમનું VISION છે.

ચીનના એક નેતાને વર્ષો પહેલાં એક વિચાર આવ્યો કે ચીન ઔદ્યોગિક, આરોગ્ય, ટેક્નોલોજી કે સ્પોર્ટ્સ આદિ સર્વ ક્ષેત્રોમાં મોખરે હોવું જોઈએ. તેમના આ VISIONને સ્પોર્ટ્સ કમિશનના ચેરમેન માઓ ઝેડોન્ગે પકડ્યું. તેમણે નક્કી કર્યું કે ઓલિમ્પિકની બધી જ રમતમાં ચીન અગ્ર ક્રમાંકે હોવું જોઈએ. આ VISION સાથે તેમણે બાસ્કેટબોલની રમત પસંદ કરી. આ રમતમાં ખેલાડીઓની ઊંચાઈ ૬ ફૂટથી વધુ હોય તો સારો દેખાવ કરી શકે. જ્યારે ચીનના માણસોનાં શરીરનું બંધારણ જ ઠીંગણા કદનું છે. તો શું કરવું? તેના માટે તેમણે સમગ્ર ચીનમાંથી ઊંચામાં ઊંચી એક છોકરી ફેંગ ફેન્ડગીને પસંદ કરી. ૧૫ વર્ષની આ છોકરીને દેશ માટે બાસ્કેટબોલ રમવાનું કહ્યું. પોતાના મોજશોખ છોડી આકરી મહેનત કરીને તે રમવા લાગી. તેની ઉંમર ૨૮ વર્ષની થઈ ત્યારે ચીનનો ઊંચામાં ઊંચો એક પુરુષ પણ આ કમિશને જ શોધી આપ્યો અને તેણીને કહ્યું કે, 'દેશના ભવિષ્ય માટે તું આની સાથે લગ્ન કર.' તેણે લગ્ન કર્યાં અને ૧૯૮૦ની ૧૨મી સપ્ટેમ્બરે ચીનમાં એક અસાધારણ બાળકનો જન્મ થયો. જેનું નામ હતું યાઓ મીંગ (Yao ming). જન્મ સમયે તેના શરીરનું બંધારણ અને વજન જોઈ સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. તે પળે સ્પોર્ટ કમિશનના વડા કહે, આ બાળકની અમે વર્ષોથી રાહ જોતા હતા. આ બાળક યુવાન થયો ત્યારે તેની ઊંચાઈ થઈ સાડા સાત ફૂટ. તે યાઓ મીંગે બાસ્કેટ બોલમાં અનેક એવોર્ડ પ્રાપ્ત કર્યા અને ચીનમાં રમાયેલા ઓલિમ્પિકમાં ચીનનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ખરેખર, આને કહેવાય VISIONનું પરિણામ.

અમેરિકન લેખક અને ઉદ્યોગપતિ જેક વેલ્ચ કહે છે, '**Good leaders create a VISION, articulate the VISION, passionately own the VISION, and relentlessly drive it to completion.**' અર્થાત્ સારા નેતાઓ એક વિઝન બનાવે છે, વિઝનને સ્પષ્ટ કરે છે, ઉત્સાહપૂર્વક વિઝનના માલિક છે, અને તેને સતત પૂર્ણ કરવા પ્રેરે છે. ખરેખર, વ્યકિતમાત્રએ જોયેલું VISION તેને સફળતા સુધી પહોંચવાનો માર્ગ બતાવે છે. આપણા સરદાર પટેલ અને ગાંધીજી આદિ સ્વાતંત્ર્ય સેનાનીઓનું વિઝન નિશ્ચિત હતું તો આજે આપણે સ્વતંત્ર ભારતમાં આઝાદીનો શ્વાસ લઈએ છીએ.

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના મનમાં ભારતીય સનાતન સંસ્કૃતિની પ્રતિકૃતિ સમાન દિલ્હી અક્ષરધામ માટે VISION દૃઢ હતું. તો તેના પરિણામે સેવાનો એવો જુવાળ ઉપડ્યો કે મોટા મોટા બાંધકામ ક્ષેત્રના માંધાતાઓ પણ બોલી ઊઠ્યા કે 'જે કામ પૂરું કરતાં પચાસ વર્ષ લાગે તે અશક્ય કાર્ય પ્રમુખસ્વામી મહારાજે પાંચ વર્ષમાં પૂર્ણ કર્યું.' સાંપ્રત સમયે આ અક્ષરધામ વિશ્વના લોકોને ભારતીય સંસ્કૃતિનો પરિચય આપે છે.

એટલે, કોઈપણ કાર્ય માટે જ્યારે VISION બાંધવામાં આવે છે, ત્યારે આપણને આપણી સુષુપ્ત શકિતનો પરિચય થાય છે, જે આપણી સિદ્ધિનું મુખ્ય ચાલકબળ હોય છે. તેથી સંકલ્પને સાકારત્વ સત્વરે પ્રાપ્ત થાય છે.

માટે યુવાને પોતાની યુવાનીના ટૂંકા ગાળામાં જ સંકલ્પસિદ્ધિનું મિશન પાર પાડવાનું છે અને તેના માટે VISION નિશ્ચિત કરવાનું છે. જો એમાં મોડું થશે તો એ જીવનનું મૂરત ચૂકી જવાશે. ખલાસી ભરતીની તક લઈને હોડી પાણીમાં તરતી મૂકે છે પરંતુ એક ભરતી ચૂક્યો તો પૂરા ચોવીસ કલાકની રાહ જોવી પડે. અવકાશ વૈજ્ઞાનિકો નક્ષત્રોનો યોગ જોઈને યાનને અંતરીક્ષમાં વહેતું મૂકે છે. તેવી રીતે આજનો યોગ ચૂક્યા તો મહિનાઓ ને વર્ષો સુધી આવો બીજો યોગ ન આવે.

માટે ઊભા થાઓ, હિંમત રાખો, મજબૂત બનો, તમારા પર પૂરેપૂરી જવાબદારી લો અને વિઝન સાથે પુરુષાર્થ કરવા મંડી પડો. તમારા ભાગ્યના દ્રષ્ટા તમે જ બની શકો છો.

ક્યારેક કોઈને મદદ તો કરી જુઓ

> કોઇની મદદ કરવી એ સારી બાબત છે, મદદ કરવાથી આત્મસંતોષની પ્રાપ્તિ થાય છે

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ઈ.સ. ૧૮૯૨માં આર્થિક દ્રષ્ટિએ નબળા એવા બે વિદ્યાર્થી અમેરિકાની સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યા હતા. યુનિવર્સિટીની ફી ભરી શકાય તે માટે તેમણે અમેરિકાના પ્રખ્યાત પિયાનોવાદક 'ઇગ્નેસી પેડરેસ્કી'ની મ્યુઝિકલ ઈવેન્ટનું આયોજન કર્યું. તે સમયે પેડરેસ્કીના પ્રોગ્રામની ફી ૨૦૦૦ ડૉલર હતી, પરંતુ આ બંને વિદ્યાર્થીઓને પૂર્ણ વિશ્વાસ હતો કે તેઓને આ કાર્યક્રમથી ખૂબ મોટી રકમ મળશે, જેમાંથી પેડરેસ્કીની ફી આપ્યા બાદ પણ કૉલેજની ફી ભરી શકશે અને સરળતાથી અભ્યાસ કરી શકાશે, પરંતુ જીવનમાં બધું આપણી ઈચ્છા પ્રમાણે નથી થતું હોતું. ઘણી વાર આપણે ધારીએ કંઈક અને થાય કંઈક અલગ. આ બંને વિદ્યાર્થીઓ સાથે પણ કંઈક એવું જ બન્યું. આખી ઈવેન્ટના અંતે બંનેને માત્ર ૧૬૦૦ ડૉલર જ મળ્યા જેમાંથી પિયાનોવાદકની ફી પણ આપવાની હતી. બંને મૂંઝાતાં મૂંઝાતાં પેડરેસ્કી પાસે ગયા અને કહ્યું, 'અમારે તમને ૨૦૦૦ ડૉલર આપવાના હતા, પણ માફ કરજો અમે માત્ર ૧૬૦૦ ડૉલર જ એકત્ર કરી શક્યા. હવે અમે ભણવાનું છોડી દઈશું અને કમાણી કરીને તમારા ૪૦૦ ડૉલર આપી દઈશું.' ઇગ્નેસી પેડરેસ્કીએ આ વાત સાંભળી એટલે તરત જ ૧૬૦૦ ડૉલર બંને છોકરાઓને પાછા આપતા કહ્યું, 'તમે ભણવાનું ચાલુ રાખો. મારે તમારી કોઈ ફી નથી જોઈતી.' બંને વિદ્યાર્થીઓએ પેડરેસ્કીનો ખૂબ આભાર માન્યો.

વર્ષો પછી શ્રી ઇગ્નસી પેડરેસ્કી પોલેન્ડના વડાપ્રધાન બન્યા. ૧૯૧૯માં પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્ણ થયા બાદ સૌથી વધુ ખરાબ પરિસ્થિતિ પોલેન્ડની હતી. ત્યાંની પ્રજા અનાજ વગર ભૂખમરાના ભરડામાં ફસાયેલી હતી. પોતાની પ્રજાને બચાવવા વડાપ્રધાને વિશ્વના જુદા જુદા દેશો પાસે મદદ માટે દરખાસ્તો કરી, પણ વિશ્વના બીજા દેશોની સ્થિતિ પણ સારી નહોતી. માટે કોઈ જગ્યાએથી મદદ ન મળી. અંતિમ ઉપાય તરીકે પેડરેસ્કીએ અમેરિકન ફૂડ ઓર્ગેનાઈઝેશનને મદદ માટે વિનંતી કરી. તે સમયે આ સંસ્થાના વડા તરીકે હર્બટ હુવર ફરજ બજાવતા હતા. હર્બટ હુવરે પોલેન્ડને કલ્પના બહારની મદદ કરી અને પોલેન્ડને બચાવી લીધું.

પોલેન્ડના વડાપ્રધાન ઇગ્નેસી પેડરેસ્કી જ્યારે આભાર માનવા માટે અમેરિકા જઈને હર્બટને રૂબરૂ મળ્યા ત્યારે હર્બટે કહ્યું, 'મિ.પ્રાઈમ મિનિસ્ટર ! તમારે આભાર માનવાની કોઈ જરૂર નથી. ૧૮૯૨માં મુશ્કેલીમાં આવેલા સ્ટેનફર્ડ યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓને મદદ કરીને તમે જેનો અભ્યાસ ચાલુ રખાવ્યો હતો, તે બે વિદ્યાર્થી પૈકીનો એક હું પોતે જ છું.'

ખરેખર, કોઈપણ પ્રકારની અપેક્ષા વગર કોઈને કરેલી મદદ ક્યારેય પણ વ્યર્થ નથી જતી. ફેંકાયેલું બૂમરેંગ જેમ હંમેશાં આપણી તરફ પાછું ફરે છે તેમ નિઃસ્વાર્થભાવે કરેલી મદદ સર્વદા એક યા બીજા સ્વરૂપે પરત ફરે જ છે. લેવાની તો બધાને મજા આવે પરંતુ ક્યારેક આપવાનો આનંદ પણ લેવા જેવો છે. સ્વાર્થ માટે તો બધા બધું કરે જ છે, થોડું બીજા માટે પણ કરી લઈએ.

આવા પરોપકારી જીવનનું એક વિરલ ઉદાહરણ એટલે પ્રમુખસ્વામી મહારાજ. જ્યારે જ્યારે વિશ્વ ઉપર કોઈ આપત્તિ આવી, વિઘ્નો આવ્યાં, કુદરતી આફતો આવી ત્યારે પ્રમુખસ્વામીજીને ક્યારેય મદદ માટે કહેવું નથી પડ્યું. ઘટના બન્યાની થોડી જ ક્ષણોમાં તેઓએ જે તે ક્ષેત્રમાં રાહતકાર્યનો પ્રારંભ કરી જ દીધો હોય છે. ૧૯૮૯ અને ૨૦૦૧માં કેટલકેમ્પ, ૧૯૯૯માં ઓરિસામાં વાવાઝોડું, ૧૯૮૯માં મોરબી મચ્છુ હોનારત, ૨૦૦૫માં સુનામી, ગુજરાતમાં અતિવૃષ્ટિ, ૨૦૦૬માં સુરત રેલરાહત, ૨૦૦૭માં સૌરાષ્ટ્ર રેલરાહત, ૨૦૦૮માં બિહાર જળ હોનારત, ૨૦૦૧માં કચ્છ-ભુજ ભૂકંપ વગેરેમાં રાહતકાર્ય કર્યું છે. અત્યાર સુધી દેશ-વિદેશની ૩૯થી વધુ પ્રાકૃતિક દુર્ઘટનાઓમાં સહાય અને હૂંફ આપ્યાં છે. સાથે ૧૬૨ જેટલી સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા મદદનો હાથ પ્રસાર્યો છે. આ સાથે શૈક્ષણિક સહાય, મેડિકલ સહાય દ્વારા અનેક વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઊજળું બનાવ્યું છે.

જેના કારણે આજે પણ વિશ્વના માંધાતાઓ, ઉમરાવો, મોટા-મોટા ઓફિસરોથી લઈને નાના ગામડાનો સામાન્ય માનવી પ્રમુખસ્વામીજીને યાદ કરે છે, કારણ કે આ મહાન સંતે કરેલી મદદ આજે પણ લાખો લોકોનાં હૃદયમાં જાગ્રત છે. આવા પરોપકારી સંતના જીવનમાંથી પ્રેરણા લઈ આપણે આપણી જાતને રોજ એક પ્રશ્ન પૂછવા જેવો છે - શું આજે મેં કોઈને નિઃસ્વાર્થભાવે મદદ કરી?

ઘરને ઘર બનાવવાની ઔષધિ

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક એવો પરિવાર, જ્યાં ભલે એ.સી. હોય કે ન હોય, પણ અંતરમાં ટાઢક હોય.

એક એવું કુટુંબ, જ્યાં ભલે બધા પાસે મોબાઈલ હોય કે ન હોય, પણ સૌનાં હૃદય અને મન એકબીજા સાથે જોડાયેલાં હોય.

એક એવું ઘર, જ્યાં ભલે સ્થાન અને અન્નનો અભાવ હોય, છતાં સૌ સાથે ભોજન કરતા હોય અને જીવનમાં આવતાં દ્વંદ્વો-વિઘ્નોમાં ખભેખભા મિલાવતા હોય.

આવો પરિવાર એ કોઈ કલ્પના નથી, પણ વાસ્તવમાં બની શકે છે એક જીવંત વાસ્તવિકતા.

ખેદની વાત એ છે કે આજના આધુનિક યુગનું માનચિત્ર કંઈક અલગ છે. સૌ કોઈ વિજ્ઞાન અને ટેક્નોલૉજીના સહારે અર્થોપાર્જન કરવા સતત પ્રયત્નશીલ રહે છે. એ આશાએ કે એમાંથી જ સાચું સુખ અને શાંતિ મળશે. પરિણામે સાચો આનંદ દુર્લભ બની જાય છે અને એકલપંડી, મનમાની જિંદગી જીવવાની શરૂઆત થાય છે. કારકિર્દીના શિખરે પહોંચવા માટે, અંગત લક્ષ્યોને પાર પાડવા માટે, ભૌતિક સુખની પ્રપ્તિ માટે, પોતાની મહત્ત્વાકાંક્ષાને અને નિજ અહંને સંતુપ્ત કરવા માટે માણસ મહદ્અંશે કુટુંબને ભૂલી રહ્યો છે. જ્યાંથી માણસ જીવનનું પ્રાથમિક શિક્ષણ મેળવે છે એવાં મા-બાપ અને પરિવારજનોથી દૂર જઈ રહ્યો છે. ભૌતિક પદાર્થ વસાવવાની લાયમાં ઘણી વાર પરિવારની આહુતિ આપતા પણ અચકાતો નથી. આજે માણસ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે ઘરને શણગારવામાં, ઈન્ટીરિયર ડિઝાઈનિંગમાં. આજે માણસ જીવનમાં પ્રધાનપણું આપે છે પૈસા, પદાર્થ અને પ્રસિદ્ધિને અને ભોગ લેવાય છે પરિવારનો. તેને લીધે પરિવાર તૂટે છે, સંબંધો વણસે છે, માણસ હતાશા-નિરાશામાં ડૂબકીઓ ખાય છે અને અંતે ઘણી વાર જીવનનો અંત પણ આણે છે.

વ્યક્તિ સુખ અને શાંતિને પ્રાપ્ત કરવા જતાં કેવળ શૂન્યતાને પામે છે, પરંતુ જેમ અનંત અંધકારને દૂર કરવા માટે એક દીપક જ જોઈએ તેમ આવા અંધકારભર્યા જીવનમાં પણ એક પ્રકાશનું કિરણ જ કાફી છે. ચાર દીવાલો, બે-ચાર બારીઓ, એક-બે દરવાજા, ઊંચી છત અને રસોડા-ગેલેરી સાથે શૌચાલયનો સરવાળો એ 'ઘર' નથી હોતું, માત્ર મકાન છે. જ્યાં આવીને હૈયાના ઊંડાણમાંથી 'હાશ' નીકળે, દીવાલોની વચ્ચે હોવા છતાં જ્યાં મુક્તિનો એહસાસ થાય છે, જે છતની આત્મીયતા આપણી તુફાની જિંદગીને સહ્ય બનાવે છે, જે ઓરડાના એક એક ઘનફૂટમાં રહેલી હવાનાં ચોસલાં આપણાં આંસુ અને આપણી ખુશીઓને ઓળખે છે, એ જગ્યાને ઘર કહેવાય છે.

> **સૌ ટેક્નોલોજીના સહારે અર્થોપાર્જન કરવા પ્રયત્નશીલ રહે છે. એ આશાએ કે એમાંથી જ સાચું સુખ અને શાંતિ મળશે**

આ ઘરને ઘર બનાવવાની ઔષધિ પ્રમુખસ્વામી મહારાજે બતાવી છે, જેઓ દેશ-વિદેશમાં સતત વિચરતા જ રહ્યાં છે, હજારો ગામડાંમાં, લાખો ઘરોમાં, અસંખ્ય વ્યક્તિઓને મળ્યા છે. દરેકના પ્રશ્નો તથા દુ:ખો જોયાં છે ને સાંભળ્યાં છે. તેમણે સૌનાં પ્રશ્નો અને દુ:ખ જોઈને તારણ આપતાં કહેતા કે, આ બધા જ પ્રશ્નો સ્વભાવના છે. સ્વભાવને કારણે જ અશાંતિ અને ઉપાધિ થાય છે અને આ સ્વભાવનાં દુ:ખો ટાળવા માટે બીજી કોઈ દવા કામ લાગે તેમ પણ નથી. જેમ આગનું નિવારણ પાણી છે. છત્રથી સૂર્યનો તાપ નિવારી શકાય છે. રોગનું નિવારણ વૈદ્ય કરે છે. તોફાની ઘોડાને ચાબુકથી વશમાં રાખી શકાય છે. હાથીને અંકુશ દ્વારા વશમાં લેવાય છે. તેમ સ્વભાવના પ્રશ્નો ટાળવા માટે સમજણ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી અને સમજણ મેળવવા માટે સત્ શાસ્ત્રોનું વાંચન અને શ્રવણ એ જ ઉત્તમ માર્ગ છે. ઘરમાં નિયમિતપણે દરેક સભ્ય થોડો સમય કાઢી આ સત્ શાસ્ત્રોનું કે પ્રેરણાદાયી જીવનચરિત્રોનું વાંચન-શ્રવણ કરે તો પ્રશ્નોનું સમાધાન આપોઆપ થઈ જતું હોય છે. કથાવાર્તા થાય તો જ ઘરમાં શાંતિ રહે છે. દરરોજ નિશ્ચિત સમયે ઘરના સભ્યોનું સમૂહમિલન યોજાય ને તેમાં આવી અધ્યાત્મગોષ્ઠિ થાય તો ઘણો લાભ થાય. જેને પ્રમુખસ્વામી મહારાજ ઘરસભા કહે છે. ઘરસભા એ ઘરની શોભા છે. ઘરસભા એ ઘરની પ્રભા છે. જ્યાં ઘરસભા ન થતી હોય તે ઘર નહીં પણ ઘોર છે. કબીર પણ કહે છે,

जा घर हरिकथा नहीं कीर्तन, संत नहीं मिजबाना ।
ता घर जमड़े दिरा दिना, सांज पडे शमशाना ॥

હજારો લોકોનો આ અનુભવ છે કે ઘરસભા રૂપી આ ઔષધીના પાનથી જીવનમાં શાંતિની અનુભૂતિ થાય છે. વિષમ પરિસ્થિતિમાં સ્થિર રહેવાય છે, બાળકો સંસ્કારી અને ચારિત્ર્યયુક્ત બને છે, પરિવારજનો વચ્ચે આપસમાં સંપ, સ્નેહ અને સુમેળભર્યા વ્યવહારનો સેતુ રચાય છે.

તો નિર્ણય આપણા હાથમાં છે કે આપણે કેવું ઘર બનાવવું છે?

પૂર્વગ્રહ રાખ્યા વગર નિર્ણય લેવા

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

કોઈ વ્યક્તિને જોઈને આપણને આનંદ થાય છે, તો કોઈને જોઈને ગભરામણ. કોઈના આગમનની રાહ જોવાતી હોય છે તો કોઈના ગમનની. આવું કેમ? દરેક વ્યક્તિનું એક ચિત્ર આપણા સૌનાં મનમાં હોય છે કે આ વ્યક્તિ આવી છે, આ માણસ આવો છે અને એ ચિત્ર મુજબ આપણું વર્તન પણ બદલાય છે. સામેવાળો માણસ આપણને નકામો લાગતો હોય તો તેની સાથેનું આપણું વર્તન પણ એવું જ થઈ જાય છે, પરંતુ પ્રશ્ન ત્યારે સર્જાય છે જ્યારે આપણે મનમાં તૈયાર કરેલું તે માણસનું ચિત્ર જ ખોટું કે અધૂરું હોય.

આવા ચિત્રને જ Predecided image કહેવામાં આવે છે. આપણી માની લીધેલી ખોટી ધારણાઓ, અધૂરી માહિતી, અધકચરો અનુભવ, આપણા દૃષ્ટિકોણથી વ્યક્તિને જોવાની રીત વગેરે બાબતો આપણને Predecided image તરફ ખેંચી જાય છે. જેમ પગમાં કાંટો, આંખમાં કણો અને કિડનીમાં પથરીનો દુખાવો જ્યાં સુધી છે, ત્યાં સુધી માણસને ચેન ન પડે, તેમ જ્યાં સુધી આપણો અન્ય વ્યક્તિ સાથેનો વ્યવહાર predecided imageના માધ્યમથી થશે ત્યાં સુધી નાની બાબતોમાં ઘર્ષણ થતું રહેશે. નાના પ્રશ્નો મોટું સ્વરૂપ ધારણ કરે છે અને નાની સમસ્યાઓનો સરવાળો મોટો બને છે. તેના લીધે સ્વાસ્થ્ય પર પણ તેની અસર પડે છે.

આજનું મેડિકલ વિજ્ઞાન પણ આ વાતનો સ્વીકાર કરે છે કે કોઈના પ્રત્યે ખોટી predecided image બાંધી સતત તેની ચર્ચા કરવી, તેના જ વિચારો કરવા - આવી પ્રકૃતિવાળા માણસના સ્વાસ્થ્ય પર ખૂબ માઠી અસર પડતી હોય છે.

આપણો સ્વાનુભવ એવું કહે છે, દરેક ક્ષેત્રમાં અલગ-અલગ વ્યક્તિ અને પરિસ્થિતિમાં જ્યારે આપણે કાર્ય કરીએ છીએ ત્યારે predecided image થવાની શક્યતા રહે છે. માટે જ અંગ્રેજીમાં કહેવાય છે Believe only half what you see and nothing that you hear. અર્થાત્ તમે જે જુઓ છો, તે અડધું સાચું માનો અને સાંભળો છો તે જરા પણ માનશો નહીં. ટૂંકમાં, સાંભળેલી કે જોયેલી વાતની વાસ્તવિકતા જાણવા પ્રયત્ન કરો.

મહાન વ્યક્તિ હંમેશાં જીવનમાં વાસ્તવિકતા જાણવાનો પ્રયત્ન કરે છે અને ત્યારબાદ જ આગળ વધે છે. વાસ્તવિકતા જાણવાથી વ્યક્તિ સાથેનો પૂર્વગ્રહ તૂટે છે અને માનવીય સંબંધો બગડતા અટકે છે.

જહોન.ડી.રોકફેલરની કંપનીમાં એક વ્યક્તિએ ખૂબ મોટું નુકસાન કર્યું. બોર્ડે તેને પાણીચું પકડાવવાનું નક્કી કર્યું, પરંતુ તે સમયે રોકફેલરે સહુને કહ્યું કે તે ૨૦ વર્ષથી અહીંયાં જોબ કરે છે. તેણે ઘણા ડૉલર કંપનીને કમાઈને આપ્યા છે. તેને શિખવાડવા માટે કંપનીએ ઘણો ખર્ચો કર્યો છે. તે અનુભવ બીજા માટે નથી. અને આશ્ચર્ય થોડા સમયમાં તે વ્યક્તિએ કંપનીને ઘણો નફો કરાવી આપ્યો.

રોજબરોજના જીવનમાં બનતી ઘટનાઓ તથા આપણા પરિવાર સાથેના વ્યવહારમાં પણ આપણે આપણા જ દૃષ્ટિકોણથી ધારણાઓ કરી લઈએ છીએ અને દાવો કરીએ છીએ કે હું જે સમજું છું તે જ સાચું, પણ આપણા દૃષ્ટિકોણ કે આપણી ધારણા ખોટી પણ હોઈ શકે છે.

આપણે વાસ્તવિકતા જાણવા, દૃષ્ટિકોણ સમજવા અને ક્રિયાનો હેતુ ઓળખવા પ્રયત્ન કરીએ તો પૂર્વ માન્યતાઓમાંથી બહાર નીકળી શકાશે

આ રીતે આપણે વાસ્તવિકતા જાણવા, દૃષ્ટિકોણ સમજવા અને ક્રિયાનો હેતુ ઓળખવા પ્રયત્ન કરીએ તો પૂર્વ માન્યતાઓમાંથી બહાર નીકળી શકાશે. આ ઉપરાંત ઝડપી નિર્ણયનો ત્યાગ, સંકુચિત વિચારધારા, વ્યક્તિમાં પરિવર્તન શક્ય છે તે વાતનો સ્વીકાર, આપણી માનવીય મર્યાદાનો સ્વીકાર જેવાં પરિબળો પણ predecided image બાંધવાના નિર્ણયમાંથી બહાર લાવશે.

પ્રમુખસ્વામી મહારાજને એક વિશ્વવ્યાપી સંસ્થાનું સંચાલન કરતાં અનેક લોકો સાથે કામ કરવાનું થયું, પરંતુ તેઓએ ક્યારેય કોઈના પ્રત્યે પૂર્વગ્રહભર્યું વલણ નહોતું રાખ્યું. કોઈના પ્રત્યેની ફરિયાદ આવી હોય તો તેઓ પ્રથમ સંબંધિત લોકોને પૂછીને પૂરી માહિતી મેળવતા અને પછી બંને પક્ષને સમજાવતા. એકને ચલાવી લેવાનું સમજાવતા અને બીજાને સુધારો કરવાનું.

માટે આજથી સંકલ્પ કરીએ કે પૂર્વગ્રહરહિતનું જીવન જીવવું છે. જેમ One drop of oil can save a lot of friction. તેલનું એક ટીપું ઘણાં ઘર્ષણ અટકાવે છે, તેમ પૂર્વગ્રહરહિતનું જીવન આપણા વ્યક્તિ સાથેના વ્યવહારમાં થતાં ઘર્ષણને ટાળે છે.

અંતે નિર્ણય તો આપણા હાથમાં છે.

અસંતોષ પણ જરૂરી છે

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

એક પ્રસિદ્ધ અને પ્રેરણાદાયી વાર્તા છે. એક નાનકડા ગામમાં એક શિલ્પકાર રહેતો હતો. કઢંગા પથ્થરમાંથી કમનીય મૂર્તિ ઘડવામાં એની ગજબની હથોટી હતી. એની કળાને નિહાળતાં સૌ મૂર્તિમંત થઈ જતા. 'વડ જેવા ટેટાં ને બાપ જેવા બેટા' એ કહેવત પ્રમાણે તેનો પુત્ર પણ શિલ્પકળામાં અતિ પ્રવીણ હતો, પરંતુ આશ્ચર્ય એ હતું કે જ્યારે જ્યારે તે કોઈ પણ મૂર્તિ બનાવતો ત્યારે ત્યારે તેના પિતા કોઈક ને કોઈક ભૂલ દેખાડતા તેથી તેને અસંતોષ રહ્યા કરતો. અંતે તેણે એક યુક્તિ કરી. તે પોતે બનાવેલી એક મૂર્તિ લઈને તેના પિતા પાસે ગયો અને કહ્યું: 'પિતાજી, આજે સવારે માટી ખોદતાં જમીનમાંથી મને આ મૂર્તિ મળી. કેટલી સુંદર છે નહીં?' પિતાએ મૂર્તિનાં ખૂબ વખાણ કર્યાં અને કહ્યું: 'બેટા! તારે આવી મૂર્તિ બનાવતા શીખવાનું છે.' તે વખતે દીકરાએ ફોડ પાડ્યો કે આ મૂર્તિ તો મારી જ બનાવેલી છે. ઊંડા નિસાસા સાથે તેના પિતાએ કહ્યું: 'બેટા, તારી પ્રગતિ અટકી ગઈ. કારણ તું તારા કાર્યથી સંતુષ્ટ થઈ ગયો.' ખરેખર પ્રગતિના પંથે સંતોષ સૌથી મોટું વિઘ્ન છે.

તેથી જ વિશ્વવિખ્યાત ક્રિકેટર સચીન તેંડુલકર કહે છે: 'જે દિવસે હું એમ માનીશ કે વિશ્વનો શ્રેષ્ઠ ખેલાડી હું છું તે દિવસે મારી કારકિર્દીનો અંત આવી જશે.' આ વાક્ય તેઓ કેવળ બોલ્યા નથી પણ તેમના જીવનમાં પણ દૃશ્યમાન થાય છે. એક પત્રકારે તેમને તેમની સફળતાનું રહસ્ય પૂછ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું કે, 'હું રોજ છ વાગ્યે મેદાન પર પ્રેક્ટિસ કરવા માટે પહોંચી જાઉં છું.' તો પત્રકારે ફરીથી પૂછ્યું કે 'જો આગલા દિવસે તમે સદી ફટકારી હોય તો?' 'તો પણ સવારે નવ વાગ્યા સુધીમાં ૫૦૦ ડિલિવરી રમવાની જ.' તેઓના આવા વલણને કારણે જ તેઓ પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન સતત પ્રગતિશીલ રહ્યા અને અનેક વિશ્વવિક્રમો સર્જી શક્યા. રમત હોય કે કળા પરંતુ આ વલણ તો પ્રત્યેક ક્ષેત્રમાં નજરે ચડે છે. વ્યક્તિગત અનુભવોની સાથે જ્યારે સમગ્ર માનવજાતના ઈતિહાસ પર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે પણ આ જ હકીકત નજરે ચડે છે. એક સમયે જંગલમાં લાકડાં સળગાવીને રસોઈ તો બનતી જ હતી. ઘાસના ઝૂંપડામાં નિદ્રા તો આવતી જ હતી. ગાડામાં પણ પ્રવાસ ખેડાતો જ હતો, પરંતુ મનુષ્ય ત્યાં અટક્યો નથી. તેથી જ આજે રહેવા માટે બહુમાળી ઈમારતો, ભોજન માટે અનેક પ્રકારની વાનગીઓ અને ટ્રેનથી લઈને પ્લેન સુધીની વ્યવસ્થાઓ વિદ્યમાન છે. આજના યુગમાં અકલ્પનીય ઊંચાઈએ પહોંચેલું વિજ્ઞાન ભવિષ્યમાં પણ વધુ ઊંચી ઉડાન ભરવાનું છે એ નિર્વિવાદ વાત છે.

> **સચીન તેંડુલકર કહે છે 'જે દિવસે હું એમ માનીશ કે વિશ્વનો શ્રેષ્ઠ ખેલાડી હું છું તે દિવસે મારી કારકિર્દીનો અંત આવી જશે'**

અમેરિકામાં રોલ્સરોયસ કંપની પોતાની પ્રથમ કાર લાવી રહી હતી. જાહેરાતમાં લખાયું: 'આ ગાડી પ્રતિ કલાકના ૬૦ માઈલની ગતિએ દોડતી હશે ત્યારે તેમાંથી એક જ અવાજ સંભળાતો હશે, તેમાં ચાલતી ઘડિયાળનો. જે જમાનામાં ગાડી ચાલુ થતા એન્જિનના અવાજથી આખો મહોલ્લો ખળભળી ઊઠે તે જમાનામાં આ ગાડી આશ્ચર્ય ઉપજાવે તેવી હતી, પરંતુ આ જાહેરાતથી કંપનીના અધિકારીઓને ઘડિયાળનો અવાજ સંભળાય છે એ બાબતમાં અસંતોષ થયો. તેમણે નક્કી કર્યું કે ઘડિયાળનો પણ અવાજ ન સંભળાવો જોઈએ.

આવા અધિકારીઓ કંપનીની કીર્તિને દુનિયામાં પ્રસરાવે એમાં શી નવાઈ? આજે સમગ્ર જગતમાં વિસ્તરતી બી.એ.પી.એસ. સંસ્થાને આ કક્ષાએ લઈ જનાર પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજનું જીવન પણ આ જ સિદ્ધાંતને અનુસરતું રહ્યું હતું. તેથી જ તેઓ પોતાના જીવનકાળ દરમિયાન અઢી લાખ ઘરોમાં પધરામણી, ૯૦ દેશોમાં અને ૧૮,૦૦૦ ગામોમાં વિચરણ, ૧૨૦૦થી વધુ મંદિરો અને ૧૦૦૦થી વધુ સુશિક્ષિત સંતોની ભેટ દુનિયાને આપી શક્યા. આવા મહાપુરુષોને જોઈને જ કદાચ કહેવત પડી હશે- 'સુધારાને કોઈ સરહદ નથી અને પ્રગતિને કોઈ પૂર્ણવિરામ નથી.'

તો આપણે નિર્ણય લઈએ અને જ્યાં છીએ ત્યાંથી આગળ વધવા કટિબદ્ધ થઈએ અને સફળતાનો સુખદ સંતોષ પામીએ.